

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખૂશી ઔર ગમ વચ્ચે લટકે છે બજેટ!*
*વિરોધીઓની આંખમાં ખટકે છે બજેટ!*
*ભટકે શિકારની શોધમાં, પાથરે જાળ -*
*છતાં ધાર્યાં નિશાનથી, છટકે છે બજેટ...*
*(ચૂંટણી લક્ષી બજેટ)*

### હાઈકુ

*રણમાં થઈ,*
*હાડપિંજર પર*
*'પીયૂષ' વર્ષા...*

*અબ પસ્તાય*
*ચીડિયા ચૂગ ગઈ !*
*સબ અચ્છે દિ'...*

### ચિંતન

*સહનં સર્વદુ:ખાનામપ્રતીકારપૂર્વકમ્ ।*
*ચિન્તાવિલાપરહિતં સા તિતિક્ષા નિગદ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક 'વિવેચચૂડામણિ' ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**કોઈ પણ જાતના પ્રતિકાર વગર અને ચિંતા કે વિલાપ વિના, બધા દુ:ખો સહન કરવા એ 'તિતિક્ષા' કહેવાય છે.**

**ઘણીવાર નાની સરખી પીડા, દાંત કે માથાંનો દુ:ખાવો પણ માણસો સહન નથી કરી શકતા હાય-વોય કરી ઘર આખાના પાયા હલાવી નાખે છે. સહનશક્તિ ને તિતિક્ષા કહેવાય છે.**

**ટાઢ - તડકો - ગરીબી - ઠંડી - ગરમી - નિર્ધનતા - ભૂખ જેવા સંકટ - મુશ્કેલી - તકલીફો - કોઈ પણ પ્રતિકાર - સામનો - વિરોધ કર્યા વિના ઈશ્વરે આપેલી ભેટ સમજી શાંતિથી સહન કરી લેવી એનું નામ 'તિતિક્ષા.'**

### સુવિચાર

- જેમ શરીર માટે સારું સ્વાસ્થ્ય જરૂરી છે
  તેમ આત્મા માટે સારું અંત:કરણ જરૂરી છે - **રમેશભાઈ ઓઝા**
- અચ્છે વક્ત કે આને જાને કા કોઈ 'વક્ત' નહીં હોતા,
  જો યે બાત સમજ જાયે, ઉસકો કભી 'દર્દ' નહીં હોતા - **જોન એલિયા**
- કૃતજ્ઞતા હૃદયની સમૃતિ છે, ક્ષમા મોટાઈની નિશાની છે - **જનકલ્યાણ**
- કેળવણી એટલે આપણો મિજાજ કે આત્મ વિશ્વાસ ખોયા વિના લગભગ
  હરકોઈ વાત સાંભળવાની શક્તિ - **સ્મિથ વિલીયમ્સ**
- વિવેક અંતરાત્માનો એક ઝીણો અવાજ છે, જે તમારી બોલી નથી બોલતો - **શ્રી શ્રી રવિશંકર**
- પ્રાર્થના એ પોસ્ટમેન વગર પ્રભુ ઈસુ સુધી પહોંચતો પત્ર છે - **મુનિ તરુણસાગરજી**
- આજનું ઔષધ : મસૂરની દાળના લોટમાં દૂધ નાખી પેસ્ટ ચહેરા પર દસ મિનિટ બાદ મોઢું ધોઈ નાખવાથી ત્વચા સુંદર બને છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એડમિરલ રિચર્ડ બર્કે બાર વર્ષની નાની ઉંમરે પોતાની ડાયરીમાં લખ્યું હતું કે 'હું ઉત્તર ધ્રુવ પર પહોંચનાર પહેલો વ્યક્તિ બનીશ.' બાળપણથી જ તેમણે આ રોમાંચક અભિયાન માટેનું જેટલું સાહિત્ય હતું તે બધું જ વાંચી નાખ્યું હતું. તેમનાથી ઠંડી સહન થતી ન હતી તેમ છતાં ઉત્તરધ્રુવની ઠંડીનો સામનો કરવા તેઓ પોતાની જાતને તૈયાર કરતા રહ્યા. શિયાળામાં ઠંડી સહન કરવા ઓછા કપડા પહેરવા લાગ્યા. જેથી તેમનું શરીર ઠંડી સહન કરવા ટેવાઈ જાય. યુવાન થતાં તેમને અમેરિકન નેવીમાં નોકરી લીધી અને ઉત્તર ધ્રુવ પર જવા માટેની યોગ્ય તૈયારી આરંભ કરી. નોકરી દરમિયાન એમનું પગનું હાડકું ભાંગી ગયું અને અમેરિકન નેવીમાંથી તેમને ફરજિયાત રાજીનામું આપવું પડશે. એડમિરલ રિચર્ડ ચાલીને ઉત્તરધ્રુવ જઈ શકે તેમ ન હતા. આથી તેમણે નાનકડા પ્લેનમાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવ પર હવાઈ ઉડાન ભરનારા તેઓ વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા. આપણું લક્ષ્ય સ્પષ્ટ હોય અને સંઘર્ષ કરવાની હિંમત હોય તો વિષમ પરિસ્થિતિમાં પણ સફળતા મેળવી શકાય છે.

# રાજકીય તમાશાઓથી બંધારણીય કટોકટી

**તંત્રીસ્થાનેથી...**

રવિવારની સાંજે સીબીઆઈના પાંચ અધિકારીઓ કોલકાત્તા કમિશનરના નિવાસસ્થાને પૂછપરછ માટે પહોંચ્યા. સ્થાનિક પોલીસ અધિકારીઓએ સીબીઆઈને દરવાજે જ અટકાવ્યા. એટલું જ નહીં તેમની અટકાયત કરી નજીકના પોલીસ સ્ટેશને લઈ ગયા. પશ્ચિમ બંગાળ પોલીસનું કહેવું છે કે સીબીઆઈ પાસે કોઈ પણ પ્રકારનું લેખિત વૉરંટ કે નોટિસ ના હોવાથી તેમના ગેરકાયદેસર પ્રવેશને અટકાવ્યો હતો. જયારે સીબીઆઈ એમ કહે છે કે, એમ સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ 'શારદા ચીટ ફંડ' મામલે તપાસ ચલાવી રહ્યા છીએ. અને તપાસ માટે રચાયેલી તપાસ સમિતિના પ્રમુખ તરીકે કોલકાત્તા પોલીસ કમિશનર રાજીવકુમાર જવાબદારી વહન કરી રહ્યા છે. તેમની પાસે આ કેસના અસંખ્ય પુરાવાઓ હોવાનું મનાય છે. 'શારદા ચીટ ફંડ' કેસમાં મમતા બેનરજીના પક્ષના અનેક મોટા માથા સંકળાયેલાના આક્ષેપો પણ છે. જેમને રાજીવ કુમાર બચાવી રહ્યા છે. સમગ્ર ઘટનાની પરાકાષ્ઠા તો ત્યારે આવી કે જયારે રાજયના મુખ્યમંત્રી ખુદ પોલીસ કમિશનરના નિવાસસ્થાને પહોંચી સમર્થકો સાથે ધરણા ઉપર બેસી ગયા. અને જેમને દેશના વિપક્ષો પોતાનું સમર્થન જાહેર કરતાં સમગ્ર ઘટનાને રાજકીય રંગ અપાઈ ગયો હતો.

સડક થી સંસદ સુધી 'ટોક ઓફ ધ નેશન' બનેલી ઘટના ખુબ જ ગંભીર છે. મમતા બેનરજી અને સાથી વિપક્ષોનો સ્પષ્ટ આક્ષેપ છે કે ભાજપ સરાકર અમને ડરાવવા માટે સીબીઆઈનો દુરુપયોગ કરે છે. એક પછી એક વિરોક્ષ પક્ષોના આગેવાનોનાં ત્યાં જુના પુરાણા કેસોનાં નામે દરોડા પાડ્યા છે, ધરપકડો કરી છે અને ધાકધમકીનું વાતાવરણ ઊભું કર્યુ છે. વિરોધ પક્ષોનો અવાજ દબાવવાનો પ્રયાસ થાય તેનો ખુલ્લો આક્ષેપ ચાર મુખ્યમંત્રી અને આઠ રાજકીય પક્ષોના પ્રમુખો દ્વારા કરાયો છે. બીજી તરફ ભાજપના પ્રવક્તાઓ દ્વારા ખુલ્લેઆમ આક્ષેપ થઈ રહ્યો છે કે મમતા બેનરજી ભ્રષ્ટાચારીઓને રક્ષણ આપવા સમગ્ર ઘટનાને રાજકીય રંગ આપે છે. મુખ્યમંત્રીએ કેન્દ્રિય તપાસ એજન્સીને સહકાર આપવાને બદલે ધરણાં ઉપર બેસવાથી તેમના ઈરાદાઓ સ્પષ્ટ થાય છે. આમ બંને પક્ષો આક્ષેપો અને પ્રતિ આક્ષેપોનો દોર છેલ્લા છત્રીસ કલાકથી ચાલી રહ્યો છે. સમગ્ર દેશની મીટ મંડાઈ છે આમાં સાચું કોણ અને ખોટું કોણ ?! સંસદના બંને ગૃહો આજ મુદ્દા ઉપર સૂત્રોચ્ચાર અને શોરબકોરના કારણે મુલત્વી રહ્યા. પશ્ચિમ બંગાળ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ આ મામલે મંગળવારે સુનાવણી કરશે ત્યાં સુધી રાજકારણના આટાપાટા ખેલાશે.

સીબીઆઈના દુરુપયોગની ફરિયાદ અગાઉ ભાજપ કરતુ'તુ આજે અન્ય પક્ષો કરી રહ્યા છે. સીબીઆઈ સરકારની પોપટ છે. એવું સૂત્ર યુપીએ સરકાર વખતે ભાજપે આપ્યું હતું. આજે એ જ સૂત્ર ભાજપ સામે પોકારાઈ રહ્યું છે. આ સૂત્રોની વાત નથી. સત્તાના દુરુપયોગની વાત પણ નથી. રાજકીય રંગ આપવાના પ્રયાસોની પણ વાત નથી કરવી. વાત તો એ કરવી છે કે દેશના બંધારણની વ્યવસ્થા સામે ખતરો ઊભો થઈ રહ્યો છે. રાજકીય પક્ષોને બાખડવું હોય તેમ બાખડે. રેલીઓ સભાઓ-સૂત્રોચ્ચારો જે કરવું હોય તે કરે. તે લોકશાહીમાં સૌને અધિકાર છે પણ ચિંતાનો વિષય એ છે કે દેશના વહીવટી અધિકારીઓ, આઈ.એસ. કે આઈપીએસ અધિકારી ખુલ્લમ ખુલ્લા રાજકીય ઈશારાઓથી સામસામા આવી જાય. વહીવટીતંત્ર કે પોલીસતંત્ર શિસ્ત અને સંયમ નેવે મુક્તું જાય એ ચિંતાનો વિષય છે અને રાજકીય પક્ષોએ પણ ખુબ ગંભીરતાથી વિચારવાનો સમય આવી પહોંચ્યો છે કે તમારા રાજકીય લાભાલાભ માટે સત્તાનો દુરુપયોગ કરી અધિકારીઓને પ્યાદા બનાવવાનું બંધ કરો. આજે એક સરકાર છે કાલે બીજી સરકાર આવશે. દેશનું વહિવટી તંત્ર નિષ્ફક્ષ હોવું જોઈએ. સીબીઆઈનો દુરુપયોગ કે પોલીસનો દુરુપયોગ કરવાનો બંધ કરી રાજકીય મુદ્દાઓ ઉપર ચૂંટણી લડવા રાજકીય પક્ષોએ સક્ષમ બનવું પડશે. આ પ્રકારના રાજકીય તમાશાઓ બંધ કરી તમામ પક્ષોએ ખેલદીલીપૂર્વક મુદ્દા આધારિત ચૂંટણી લડવી જોઈએ. મમતા જીતે કે મોદી જીતે એનું મહત્ત્વ નથી. મહત્ત્વ તો એનું છે કે ભારતનું બંધારણ જીતવું જોઈએ. બંધારણના શપથ લેનારા સૌ આ આગ સાથેની રમતો બંધ નહીં કરે તો આવનારો સમય તેમને માફ નહીં કરે.

# પ્રત્યેક ઋતુનો મહિમા નોખો-અનોખો



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'અરે ! ક્યાં ખોવાઈ ગઈ છે તું ? લોકો તારા ગીતને વધાવી રહ્યા છે અને વન્સમોર - વન્સમોર કહી રહ્યા છે.' નીલે એની પત્ની નિલિમાને કહ્યું ત્યારે એક એક જાણે ટ્રાન્સમાંથી બહાર આવી હોય એમ નિલિમાને લાગ્યું અને તાળીઓને પ્રતિસાદ આપતા ફરી ગાવાનું શરૂ કર્યું.

મૂળ અમદાવાદની નિલિમાનો ઉછેર શહેરના પોશ ગણાતા વિસ્તાર સેટેલાઈટમાં થયો હતો. અભ્યાસકાળ દરમિયાન ભણવા ઉપરાંત સંગીતમાં એમાં પણ વિશેષ રૂપે ગાયનમાં એને રસ પડ્યો. મમ્મી - પપ્પાએ પ્રોત્સાહન આપ્યું. યોગ્ય ટીસર્ચ પાસે તાલીમ લીધી અને શાળા કૉલેજોના કાર્યક્રમોમાં ધીમે ધીમે નિલિમા ગાયિકા તરીકે ગીતો રજૂ કરતી ગઈ અને પોતાની પ્રતિભાને પરિચય વિસ્તારતી ગઈ.

એન્જીનીયરીંગ કૉલેજમાં ભણતા ભણતા એનો પરિચય થયો નીલ સાથે એ પણ સંગીતનો રસિયો હતો. એ ગીટાર વગાડે અને જાણે શ્રોતાઓ પર જાદુ છવાઈ જાય. ધીરે ધીરે બંને વચ્ચેની દોસ્તી પ્રેમમાં પરિવર્તિત સંમતી સાથે લગ્ન કર્યા.

અમદાવાદમાં એમણે પોતાની સંસ્થાનો આરંભ કર્યો અને અલગ-અલગ પ્રકારની થીમ આધારિત ગીતોના શૉ રજુ કર્યા. લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ મળતા ગયા. દેશ-વિદેશમાં પણ કાર્યક્રમો કરવાનો અવસર મળ્યો.

સમય જતા નીલને ખૂબ સારી ઑફર આવતા એ ઓસ્ટ્રેલિયા પરિવાર સાથે સેટલ થયો. બંનેએ નોકરી અને સંગીત બંને ક્ષેત્રમાં ધ્યાન આપવાનું શરૂ કર્યું. સફળતા પણ મળી અને એવો જ એક કાર્યક્રમ વસંતના વૈભવ વિશેનો યોજાયો ત્યારે આ ઘટના બની અને નિલિમાને અમદાવાદમાં ગાયેલી અનેક વસંત યાદ આવી ગઈ.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે, 'ઋતુઓમાં વસંત ઋતુ હું છું.'

વસંત એટલે માદા ઉત્સવ, વસંત એટલે ડાળીને કુંપળ ફુટવાનો ઉત્સવ. ઋતુઓની રાણી છે વસંત. નદીઓના નીર વહે છે. સવાર-સાંજ ને રાત્રી રળિયામણા લાગે છે. ફૂલોની ખુશ્બુથી વાતાવરણ મહેંકે છે. આકાશમાં વાદળ છવાયેલા રહે છે. બહુ ઠંડી પણ નથી ને બહુ ગરમી પણ નથી. વાડીઓમાં આંબાની ડાળે કેરીના ફલ લુમે ઝુમે છે ને કોયલનો ગુંજારવ ગુંજે છે. ખેડુતો ખેતરમાં ઉગેલા પાકને ઘરમાં લાવે છે. કવિઓ - લેખકોને નવા નવા કલ્પનો સ્ફૂરે છે.

વસંતઋતુ આવે એટલે જનજીવનમાં અને પ્રકૃતિમાં નવજીવનનો સંચાર થાય છે. શરીરમાં ઉત્સાહ વધે છે. કામ કરવાની ક્ષમતા વધે છે. પ્રાત:કાળે ભ્રમણ કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. દેહમાં સ્ફૂર્તિ આવે છે. ગુલમહોર - ગુલાબ - સૂરજમુખી જેવા અનેક પુષ્પો પર આકર્ષિત થઈને પતંગિયા અને મધમાખી બેસે છે. અત્ર-તત્ર સર્વત્ર જાણે સોળે શણગાર સજીને પ્રકૃતિ શોભાયમાન હોય એવું લાગે છે.

વસંતોત્સવ એટલે વહાલનો ઉત્સવ... વસંતોત્સવ એટલે મસ્તીનો, ગીતોનો, સંગીતનો, નૃત્યનો આનંદ ને ઉલ્લાસનો, સુગંધને ઉજાસનો પ્રેમનો અને રંગોનો ઉત્સવ. મહા મહિનાનો પાંચમો દિવસ ઉજવાય છે વસંત પંચમી તરીકે. પુરાતન કાળમાં રાજા-મહારાજા આ દિવસે હાથી પર બેસીને નગરચર્યા કરતાં કરતાં દેવ મંદિરોમાં જતા હતા.

સામાન્ય રીતે બે-ત્રણ મહિના ચાલે છે વસંતઋતુ દેવીભાવગત અને બ્રહ્મવૈવર્તક પુરાણમાં ઉલ્લેખ જોવા મળે છે કે શ્રીકૃષ્ણે પહેલીવાર સરસ્વતી પૂજન વસંત પંચમીના દિવસે કર્યુ હતું. ભારતીય સંસ્કૃતિમાં કલાના-કલમના - વાણીના આરાધકો - કલાકારો માટે વસંત પંચમીએ સરસ્વતી પૂજનનું વિશેષ મહત્ત્વ રહ્યું છે.

એક પછી એક લોકપ્રિય હિન્દી-ગુજરાતી ગીતોની પ્રસ્તુતિ થઈ ગઈ. નીલ વસંત ઋતુના મહિનાનું ગાન શબ્દો થકી કરતો રહ્યો. એક પછી એક જાણીતી કવિતાઓનો પાઠ જેમાં વસંતના તમામ રસ ભરેલા હોય થતા રહ્યા અને શ્રોતાઓને એવું લાગ્યું કે જાણે શબ્દ અને સુરના સથવારે વસંત ઋતુનો અનુભવ એમને એ સ્થળે થયો હોય.

આપણી પરંપરામાં જીવન પદ્ધતિ જ ઋતુ આધારીત રહી છે. પ્રત્યેક ઋતુનો મહિમા નોખો-અનોખો છે.

અને એમાં પણ ઋતુઓની રાણી વસંતની વાત આવે એટલે રસિક જનોના મનના આંબલીયાની ડાળે પ્રેમનો મોર ફૂટી નીકળે છે. વસંતઋતુનું આગમન થઈ ચૂક્યું છે ત્યારે અનેક જગ્યાઓએ યોજાતા વાસંતી ગીતોના કાર્યક્રમો થકી આમ જ સુર અને શબ્દોના અજવાળા રેલાય છે.

# દિવસો સસલાની જેમ ભાગ્યા જાય છે : બાર વર્ષ વહી ગયા



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

'રઘુવંશ' મહાકાવ્યમાં એક વાક્ય છે. 'દિવસો સસલાની જેમ ભાગ્યા જાય છે.' 'વિચારયાત્રા'ની યાત્રા આજે જયારે ૧૨ વર્ષ પૂર્ણ કરીને તેરમા વર્ષમાં પ્રવેશ કરી રહી છે, ત્યારે 'રઘુવંશ'નું આ વાક્ય પ્રસ્તુત લાગે છે.

૨૦૦૬ના ફેબ્રુઆરીની ૬ તારીખે 'શબ્દ જ તારે અને શબ્દ જ મારે' આ શીર્ષક સાથે વિચારયાત્રા શરૂ થઈ ત્યારે જરાય વિચાર્યું ન હતું કે, આટલો લાંબો સમય યાત્રા ચાલશે, અને હજી ચાલી જ રહી છે.

ગત બાર વર્ષમાં 'વિચારયાત્રા' એ મારી માટે ગુરુ, મિત્ર, રાહબરનું કામ કર્યું છે. જીવનનાં કપરામાં કપરા સંજોગો અને અત્યંત સુખદ સંભારણા આ બાર વર્ષ દરમિયાન આવ્યા છે, પરંતુ મને કહેવામાં જરાય અતિશયોક્તિ નથી લાગતી કે 'વિચાર-યાત્રા'ને કારણે જ મારામાં પાકટતા અને પરિસ્થિતિઓને સંભાળી શકવાની ક્ષમતા વિકસી છે.

'ગાંધીનગર સમાચાર' - કૃષ્ણકાન્ત જહા સાહેબે મારા પર તે સમયે (૨૦૦૬)માં આડા-અવળા ફંટાતા વિચારોના ઘોડાપૂરને ઝીલવા માટે જે મંચ પૂરો પાડ્યો, તે માટે હું આજીવન ઋણી રહીશ. અને હવે તો આ વિચારયાત્રાનું એવું બંધાણ થઈ ગયું છે કે, ન લખાય તો કશુંક અજુગતું, અહાંગળો લાગ્યો હોય તેવું લાગે છે.

સફરમાં મંઝિલ પર પહોંચી જવા કરતા તે દરમિયાનની યાત્રામાં વધુ આનંદ આવે છે, રોમાંચ આવે છે...

કોઈ પણ જાતની અપેક્ષા, કે અભરખા રાખ્યા વગર માત્ર નિજાનંદ માટે વિચારયાત્રાની શરૂઆત કરી.

સૌથી વધુ આનંદ વાચ્યા પછી આવતો હતો. મનમાં જે વિચાર ધબધબાટી કરતો હોય તે વિચારને જન્મ આપી દઈને, કાગળ પર ઉતારી દીધા પછીનો જે આનંદ છે તે પ્રસવપીડા પછી બાળકના જન્મ વખતે એક માને જે આનંદ થાય તેની લગોલગનો આનંદ છે.

આપ વાચકોને પણ વિચારયાત્રાને એટલી હરખભેર વધાવી લીધી કે, મને વધુને વધુ ઉત્સાહ મળતો ગયો... ફોન કે એસએમએસ અને હવે મેલ દ્વારા આપના તરફથી મળતા પ્રતિભાવ એ તો મારા વિચાર-યજ્ઞમાં તલ અને ઘી હોમવા જેવું કાર્ય કરે છે. વૈચારિક અગ્નિ વધુ પ્રદીપ્ત કરવાનો યશ આપ સૌ વાચકોને જાય છે.

'વિચારયાત્રા' કટારની મજેદાર વાત એ છે કે - આ કટારનો કોઈ ચોક્કસ વિષય નથી. કોઈ વખત ફિલ્મ ઉપર, તો વળી કોઈ વખત કોઈ સુંદર પુસ્તક ઉપર ક્યારેક રાજકારણ ઉપર, ક્યારેક સંબંધ પર, શિક્ષણ પર, સાહિત્ય પર, સમાજ ઉપર, સ્વાર્થ, નિંદા, પ્રેમ, પીડા, સુખ, દુ:ખ આ બધા જ વિષય પર કલમ લખતી રહી છે. એનું કારણ એ છે કે હું તો માત્ર લખનાર છું. મૂળ લખાવનાર તો મન અને હૃદય છે.

મનનીય લેખ લખ્યા છે ત્યારે શાણપયણની ડહાપણની વાત પણ કરી છે. હૃદયથી લેખ લખ્યા છે. ત્યારે ગાંડપણની એટલે કે હૃદયસ્થ વાત પણ કરી છે.

જે પણ લખ્યું છે તે પૂરી ઈમાનદારી લખ્યું છે. ઉતાવળમાં લેખ આપી દેવાની લાલચમાં પતાવવા માટે લખીને કાગળ કાળો નથી કર્યો.

બનવાજોગ છે કે, આ ૧૨ વર્ષ દરમિયાન આપમાંથી ઘણાને 'વિચારયાત્રા'ના અમુક લેખ ન પણ પસંદ આવ્યા હોય... અને એવું પણ બને કે અમુકમાં આપના મંતવ્ય લેખક કરતા અલગ પડતા હોય...

હું તો ૧૨ વર્ષ પહેલાથી કહેતો આવ્યો છું, અને લખતો આવ્યો છું કે, મારા વિચાર એ ફક્ત મારા નથી... તમારા પણ છે... કારણ હું મંગળ ગ્રહ પરથી આવેલો એલીયન નથી. પૃથ્વી પર, એશિયામાં, ભારતમાં, ગુજરાતમાં, ગાંધીનગરમાં વસનારા ગાંધીનગરાઓ માનો એક ગાંધીનગરો છું. આ ગાંધીના નગરમાં વિચારોની આંધી આવવી આપણા બધા માટે સ્વભાવિક છે. વિચાર આપણા બધાનાં છે. મેં ફક્ત કાગળ પર ઉતાર્યા છે.

પ્રયત્ન પણ હંમેશા એવો રાખ્યો છે કે ડેલકાર્લેગીના જીવનસૂત્રો સમજાવતી કે - જીત આપકી શીખવાડતી સૂફિયાણી વાતો ન લખું પણ... વાંચીને આપને થાય કે ઓત્તારી હું આવું જ તો વિચારતો હતો. તેવું સરળ અને સચોટ લખાણ હોય તે જ મંશા રાખી છે.

જયારે-જયારે તમને આવો વિચાર આ ૧૨ વર્ષ દરમિયાન આવ્યો હશે ત્યારે-ત્યારે - મારી માટે 'આજની ઘડી તે રળીયામણી' બની રહી.

૧૨ વર્ષ દરમિયાન આપ વાચકોને તો હું કેટલો પરિતોષ આપી શક્યો તે તો નથી જાણતો પરંતુ 'વિચાર-યાત્રા'ને કારણે મને મારા અંગત જીવનના ચડાવ-ઉતારમાં જે ટકી રહેવાનો કે સંજોગોને સ્થિરતા પૂર્વક સમજવાનો જે લ્હાવો મળ્યો છે, તે અમૂલ્ય છે... સતત વાંચન કરતા રહેવાની ટેવ આ 'વિચાર-યાત્રા' ને કારણે મળી છે.

કવિઓની અવનવી કૃતિઓ કવિતાઓ જે વાંચીને તમારી સાથે શૅર કરવાનું મન થાય તે શૅર કરીને આનંદ મેળવ્યો છે... આપ સર્વેના આશિષ અને શુભેચ્છાઓથી સર્જનની જે શક્તિ મળતી રહેશે તે યથોચિત આપના સુધી પહોંચાડવાનું કાર્ય કરવાની કોશિશ કરતો રહીશ... અંતે ર.પા.ની રચના મારા વિચારો વધુ સારી રીતે રજૂ કરી શકશે.

શબ્દમાં તે પગ જરા લાંબો કર્યો, ટૂંકો કર્યો
ત્યાં ઈમારતજ્ઞ બરાડ્યા: 'શું કર્યું ! ભુક્કો કર્યો,
મેં કહ્યું એકધારા ભેજથી ત્રાસ્યો હતો,
જીવ ભીનો થઈ ગયો, તો એ જરા સુક્કો કર્યો.'
'તે વિચારોમાં પ્રદૂષણ પણ ઘુસાડ્યું, એનું શું?'
ચિંતકોએ તર્કમાં ખુન્નસ ભરી ભુકકો કર્યો.
મેં કહ્યું : 'મારા વિચારો તીક્ષ્ણ છે, હિંસક નથી...'
.... તોય તે હું તેમના મનને મનાવી ના શક્યો...

પરંતુ આપ વાચકો તો સમજી ગયા છો ને ! આલોચકો, વિવેચકો ભલે 'વિચારયાત્રા' ને અવનવી રીતે મૂલવ્યા કરે, પરંતુ સામાન્ય વાચકોએ મારા શબ્દોને ફુલડે વધાવ્યા છે, તેથી જ તો આ યાત્રાના પરિપાક રૂપે અત્યાર સુધી છ પુસ્તકો પ્રકાશિત થઈ ગયા છે, અને તેમાં પણ ૨૦૧૬માં તો ગૂર્જર ગ્રંથાલય જેવા માતબર પ્રકાશકે એક સાથે પાંચ પુસ્તકો છાપીને આપના આશીર્વાદ પર મહોર મારી છે. થેંક્યુ ગાંધીનગર અને થેંક્યુ ગાંધીનગર સમાચાર.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# રાઈટ બ્રધર્સના પણ હજારો વર્ષ પહેલાં કર્દમ ઋષિએ હવાઈ જહાજનું બનાવ્યું હતું



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

માહિતી અને જ્ઞાન વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. લોકો મોટાભાગે માહિતીને જ્ઞાન સમજવાની ભૂલ કરી નાખતા હોય છે. એક ભાઈનો દીકરો અંગ્રેજી મીડિયમમાં આઠમા ધોરણમાં ભણે. એક દિવસ આ બાળકે શાળાએથી આવીને સાંજે ટીવી જોતાં જોતાં પપ્પાને કહ્યું, 'ડેડી, તમને ખબર છે વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી, પરમાણુ બોમ્બની શોધ રોબટ્સ ઓપન હાઈમરે કરી. દુનિયાની પ્રગતિમાં આ વૈજ્ઞાનિકો અને સંશોધકોનો જબરજસ્ત ફાળો છે.' ટીવી જોતાં પિતાને બાળકના જ્ઞાન ઉપર ગર્વ થયો. એમણે વાતમાં સૂર પુરાવતાં કહ્યું, 'હા, બેટા આજે વિશ્વની આધુનિક ગતિશીલતાના પાયામાં યુરોપીયન અને અમેરિકન દેશોના વૈજ્ઞાનિકોનો મોટો ફાળો છે.

આ ભાઈ અને એમના બાળકની વાત થોડી સત્ય છે, પણ ઘણી મોટી જાણકારીનો અભાવ છે. ખરેખર તો પ્રાચીન કાળથી ભારત ઉપમહાદ્વિપમાં જ્ઞાનનાં પ્રકાશનો ઉજાશ હતો. કલા, ગણિત, વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતનું યોગદાન આદી અનાદી કાળથી અવિસ્મરણીય રહ્યું છે. આધુનિક યુગના એવા તો ઘણા આવિષ્કારો છે કે, જેને હજારો વર્ષ પૂર્વે ભારતના તજજ્ઞો અને ઋષિ મુનિઓએ સંશોધિત કરી તેના સફળ પ્રયોગો કર્યા છે.

ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે સ્ટીફન હોકીંગ જેવા વૈજ્ઞાનિકોના સંશોધનો અને પ્રયાસોને સન્માન જરૂર છે પરંતુ ભારત વર્ષના પૌરાણિક ગ્રંથોમાં ખગોળ વિજ્ઞાનને ઉજાગર કરતા ઉલ્લેખો માનસપટ ઉપરથી કેમેય કરીને ખસતા નથી. ઋગ્વેદમાં ૩૦ જેટલા શ્લોક ખગોળ વિજ્ઞાનને લગતા છે. જ્યારે યજુર્વેદમાં ૪૪ અને અથર્વવેદમાં ૧૬૨ શ્લોક છે. યુરેનસને એક રાશીમાં આવવા માટે ૮૪ વર્ષનો સમય લાગે છે અને નેપ્ચ્યુનને ૧૬૪૮ વર્ષ, પ્લુટોને ૨૮૪૪ વર્ષ થાય છે એ વાતનો વેદોમાં સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. આપણા પૌરાણિક ઋષિ મુનીઓ પાસે ગ્રહોની ચાલ અને એની સ્થિતિનું ચોક્કસ આકલન હતું. એમની પાસે ખગોળીય ઘટનાઓનુ સચોટ જ્ઞાન હોવાનું આનાથી મોટું પ્રમાણ શું હોઈ શકે?

ચિકિત્સા ક્ષેત્રમાં હિન્દુસ્તાનના તજજ્ઞો દ્વારા કરાયેલા સંશોધનનુ અદભુત સ્થાન છે. વિશ્વને ભારતે આયુર્વેદ અને યોગની સૌથી મોટી ભેટ આપી છે. ભારતના ઋષિઓએ એમની આધ્યાત્મિક યાત્રામાં આવનારી શારીરિક અડચણોનું નિવારણ કરવા માટે આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો આવિષ્કાર કર્યો. આયુર્વેદનું સુત્ર છે, 'શરીર ખલુ ધર્મ સાધના' અર્થાત્ પહેલું સુખ તે જાતે નર્યા. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને સુવ્યવસ્થિતરૂપ આપવાનું શ્રેય ધનવંતરી, ચરક, ચવન અને સુશ્રુત મહર્ષિઓને જાય છે.

ચરક ઋષિએ ઈસવિસન પૂર્વે ૩૦૦માં આયુર્વેદનો મહત્વપૂર્ણ ગ્રંથ 'ચરકસંહિતા' લખ્યો. આજે જેમને આપણે સ્કિન સ્પેશ્યાલીસ્ટ જે સ્થાન છે એવું એ જમાનામાં ત્વચા ચિકિત્સક તરીકે મહર્ષિ ચરકનુ સ્થાન ગણાતું. મહર્ષિ ચરકે શરીરશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, રક્તાભિશરણશાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર જેવા મહત્વપૂર્ણ વિષયોમાં ઘણી ઉપયોગી જાણકારી સંશોધિત કરી હતી. મધુમેહ એટલે કે ડાયાબિટીસ, ક્ષય એટલે કે ટીબી, હૃદયવિકાર એટલે હાર્ટએટેક જેવા રોગો માટેની ઔષધિઓ ચરક મહારાજે હજારો વર્ષો પહેલા સંશોધિત કરી દીધી હતી. એ પછી છેક આઠમી સદીમાં ચરક સંહિતાનો અરબી અને અન્ય ભાષાઓમાં અનુવાદ થયો. ત્યાર પછી આ જ્ઞાનનો પશ્ચિમના દેશોને ખ્યાલ આવ્યો. મહર્ષિ ચરક અને ચવનના સંશોધનો ઉપરથી આજની યુનાની ચિકિત્સા પદ્ધતિનો વિકાસ થયો છે. શલ્ય ચિકિત્સા પદ્ધતિ એટલે કે પ્લાસ્ટિક સર્જરી. પશ્ચિમના વિજ્ઞાનીઓ દાવો કરી રહ્યા છે પ્લાસ્ટિક સર્જરી ક્ષેત્રનું સંશોધન એમણે કર્યુ છે. પરંતુ હકીકત તો એ છે કે, આચાર્ય સુશ્રુતે ઈસવીસન પૂર્વે ૧૦૦૦માં એ સમયના ચિકિત્સકો સાથે મળીને પ્રસવ, કેટરેક, કૃત્રિમ અંગ પ્રત્યારોપણ, ફ્રેકચર, પથરી અને પ્લાસ્ટિક સર્જરીની ચિકિત્સા પદ્ધતિના સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા હતા. યુધ્ધમાં ધવાયેલા અનેક સૈનિકોની એમણે પ્લાસ્ટિક સર્જરી કરી હોવાના પ્રમાણો મળે છે.

આજે ગર્વ સાથે પ્રત્યેક ભારતીય કહી શકે છે કે, જો 'શુન્ય'ની શોધ ભારતીય મહર્ષિઓએ ન કરી હોત તો આજે દુનિયાનો વિકાસ 'ઝીરો' હોત. હજારો વર્ષો પહેલાના સમયમાં વિશ્વમાં જુદી જુદી અનેક અંક ગણિતની પ્રણાલીઓ પ્રચલિત હતી. પરંતુ ઉત્તર વૈદિક કાળમાં 'શુન્ય'ના આવિષ્કાર થયા બાદ ગણિત અને વિજ્ઞાનમાં ક્રાંતિ સર્જાઈ. ભારતે શુન્ય ઉપરાંત અંકોની વિશ્વને જાણકારી આપતા વૈશ્વિક અંક ગણિત વિજ્ઞાનનું સ્વરૂપ જ બદલાઈ ગયું. બીજ ગણિત, કોણ નીતિ, કલમ, સ્થાન મુલ્ય પ્રણાલી અને દશક પદ્ધતિ પણ ભારતની જ દેન છે.

ભારતના સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યજીનું નામ બહુ વિશ્વભરમાં આદરથી લેવાય છે. ૧૧૧૪માં જન્મેલા ભાસ્કરાચાર્યજીએ લખેલા ગ્રંથો વિદેશી અનેક ભાષામાં અનુવાદીત થતાં દુનિયાના વૈજ્ઞાનિકો અને સંશોધકો માટે તેમના શોધ કાર્યો માટેના નવા માર્ગો ખુલી ગયા. ન્યુટનથી ૫૦૦ વર્ષ પહેલાં ભાસ્કરાચાર્યજીએ ગુરુત્વાકર્ષણના નિયમને એમના ગ્રંથ 'સિદ્ધાંત શિરોમણી'માં સ્પષ્ટ કર્યો હતો. આ ગ્રંથમાં એમણે નોંધ્યુ છે કે, 'આકાશ તરફ ફેંકાયેલી વસ્તુને પૃથ્વી સ્વશક્તિથી પોતાની તરફ ખેંચી લે છે. પૃથ્વીની સ્વશક્તિના કારણે આકાશી પદાર્થ પૃથ્વી ઉપર પડે છે.' આનાથી એ વાત સિદ્ધ થાય છે કે, હજારો વર્ષ પહેલાં ભાસ્કારાચાર્યજીએ પૃથ્વી ઉપર ગુરુત્વાકર્ષણની શક્તિ છે એ વાત પ્રતિપાદીત કરી હતી. ભાસ્કરાચાર્યજીના અન્ય ગ્રંથ 'લીલાવતી'માં ગણિત અને ખગોળ વિજ્ઞાન ઉપર ઉંડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૧૧૬૩માં એમણે 'કરમકુતુહલ' ગ્રંથમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના સચોટ આકલનના સિદ્ધાંતો સમજાવ્યા છે.

વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી એ વાત સર્વ વિદિત છે પરંતુ એમાં થોડું પરિવર્તન કરી એમ કહી શકાય કે, રાઈટ બ્રધર્સે 'આધુનિક વિમાનો'ની શોધ કરી છે. હવાઈ ઉડ્ડયનના જનક તો ભારદ્વાજ ઋષિને કહેવા પડે. હજારો વર્ષ પહેલાં એમણે લખેલા ગ્રંથ 'વૈમાનિક શાસ્ત્ર'માં હવાઈ જહાજ બનાવવાની ટેકનિકનું વર્ણન જોવા મળે છે. એવા ઉલ્લેખો પ્રાપ્ય છે કે, 'ગૌધા' પ્રકારનું હવાઈ જહાજ અદ્રશ્ય થઈ જતું. 'પરોક્ષ' જહાજ દુશ્મનના જહાજોને તોડી પાડવા સક્ષમ હતું. 'પ્રલય' વિદ્યુત ઉર્જાનું શસ્ત્ર હતું. 'જલદરૂપ' હવાઈ જહાજ વાદળા જેવું લાગતું. સ્કંદ પુરાણના ખંડ-૩ના ૨૩માં અધ્યાયમાં ઉલ્લેખ છે કે, કર્દમ ઋષિએ તેમની ધર્મપત્નીના વિહાર માટે હવાઈ જહાજનું નિર્માણ કર્યુ હતું. રામાયણના પુષ્પક વિમાનથી કોઈ અજાણ નથી.

અગસ્ત્ય ઋષિએ વીજળીનો આવિષ્કાર કર્યો હતો. અગસ્ત્ય સંહિતામાં વિદ્યુત ઉત્પાદન સંબંધી અનેક સુત્રો જોવા મળે છે. રોબટ્ર્સ ઓપન હાઈમરને પરમાણુ બૉંબ જેવા ઘાતક શસ્ત્રના જનક માનવામાં આવે છે. રોબટ્ર્સ અને એના વૈજ્ઞાનિકોની ટીમે બનાવેલા પરમાણુ બૉંબનું પહેલું પરિક્ષણ ૧૯૪૫માં કરવામાં આવ્યું. પરમાણુ સિદ્ધાંતોની વાત આવે એટલે જોન ડલ્ડનને હંમેશા લોકો યાદ કરતા હોય છે. જો કે આના પણ ૨૫૦૦ વર્ષે પહેલા કણાદ ઋષિએ વેદોમાં લખેલા સુત્રોના આધારે પરમાણુ સિદ્ધાંતોને ઉજાગર કર્યા હતા. ઋષિ કણાદને પરમાણુ શાસ્ત્રના પિતામહ માનવામાં આવે છે.

શોધ, સંસ્કાર અને સંસ્કૃતિની ત્રિવેણી એટલે ભારતીય ઉપમહાદ્વિપ. નવા સંશોધનો અને નવા વિચારોને હૃદયપૂર્વક આવકાર. પણ વેદ, ઉપનિષદ, ચરક સંહિતા, અગસ્ત્ય સંહિતા, વૈમાનિક શાસ્ત્ર, લીલાવતી ગણિત જેવા ભારતના મહાન ગ્રંથોના અનુવાદો વિશ્વના શોધકર્તાઓએ તેમના શોધકાર્યમાં સંદર્ભ માટે ઉપયોગમાં લીધા છે એ વાત કોઈ પણ હિન્દુસ્તાની કેવી રીતે ભુલી શકે ? હિન્દુસ્તાનના મહર્ષિઓના શોધ અને સંશોધનોના સત્ય અને તથ્યને વિશ્વ સમક્ષ હજુ વધુ મૂકવામાં આવે તો એનો અર્થ સ્પષ્ટ બને અને નવા વિચારો તથા સંશોધન કાર્યને બળ પ્રાપ્ત થાય. ભારતનું પ્રત્યેક બાળક અને યુવાન ગર્વથી કહી શકે છે કે, ભારતે સમગ્ર વિશ્વને જ્ઞાનનો અને સંસ્કારનો રાહ આપ્યો છે.

**ધબકાર :**

**સત્ય ક્યારેય કમજોર નથી હોતું અને જ્ઞાન ક્યારેય ઢાંક્યું ઢંકાતું નથી.**